ટેલિફોન : ૨૬૩૦૧૩૩૩
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
એસ્ટેટ વિભાગ
રૂમ નંબર-૧,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Phone : 26301333
FAX : (079) 26302623, 26306194
Estate Department,
Room No. 1
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).
Email :
Email : guestate@gmail.com

તા.૩૧/૧૨/૨૦૨૨

ગુજરાત યુનિવર્સીટી બાંધકામ સમિતિની સભા તા.૩૧/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સીટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

(૧) શ્રી ડૉ. હિમાંશુ પંડ્યા
મા.કુલપતિશ્રી -હાજર
(૨) શ્રી આશિષભાઈ અમીન
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૩) ડૉ. વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૪) શ્રીમતી મયુરીબેન ભાટિયા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૫) શ્રી સુધાંશુભાઈ ઝા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી
માર્ગ અને મકાન વિભાગ - હાજર
શ્રી જે.બી. પટેલ (રાજ્ય સરકારશ્રી)

**બાબત ક્રમાંક: (૧)** ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની તા.૨૫/૧૦/૨૦૨૧, તા.૦૮/૦૪/૨૦૨૨ અને તા.૦૨/૦૮/૨૦૨૨ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક : (૧)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, તા.૨૫/૧૦/૨૦૨૧, તા.૦૮/૦૪/૨૦૨૨ અને તા.૦૨/૦૮/૨૦૨૨ ની બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ સિન્ડિકેટ મેમ્બરશ્રી આશિષભાઈ અમીનના લેખિતમાં રજુ કરેલ વાંધા સાથે બહુમતી નિર્ણયથી મંજુર કરવામાં આવી.

**બાબત ક્રમાંક: (૨)** ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર નવા બાંધકામ અને રીનોવેશન વગેરેના કામ માટે નવા (PMC) ની નિમણુક કરવા માટે વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપીઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ છે. આ ઈ-ટેન્ડરના ટેકનીકલ બીડ ફીઝીકલી સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૧૦/૨૦૨૨, બપોરે ૦૨:૦૦ કલાક સુધીની હતી. નિયત સમય મર્યાદામાં કુલ-૦૨ એજન્સીઓ પાસેથી ટેકનીકલ બીડ મળેલ છે.સદર બાબતે જુદી જુદી એજન્સીઓ દ્વારા સદર ઈ-ટેન્ડરને લગતી ક્વેરી લેખિતમાં અત્રેના વિભાગને તા.૦૭/૧૦/૨૦૨૨ અને ૧૦/૧૦/૨૦૨૨ના રોજ મળેલ છે, જેથી મળેલ બંને ટેકનીકલ બીડ ખોલવામાં આવ્યા નથી જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત કામ માટે રી-ટેન્ડરની પ્રક્રીયા કરવી અને તેને લગતી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (3) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે **Repairs, Renovations and upkeeping of existing Ros & Comprehensive Maintenance and Services Contract** ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેની ટેકનિકલ બીડ તા:૧૦/૧૦/૨૦૨૨ના રોજ ખોલવામાં આવેલ હતી. જેમાં કુલ ૧ એજન્સી સામેલ હતી. જે એજન્સી દ્વારા મળેલ ટેકનિકલ બીડને ટેન્ડરની શરત મુજબ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ચકાસણી કરતા જે દસ્તાવેજ ખૂટતા હોઇ તે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, પ્રેઝન્ટેશન કરી સદર ટેન્ડરને લગતી આગળની તમામ આનુષાનગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (3) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત ટેન્ડર અંગે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સની ભલામણ મુજબ બહુમતી નિર્ણયથી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૪) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે **Providing Security Services for GU**ના ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેની ટેકનિકલ બીડ તા:૧૦/૧૦/૨૦૨૨ના રોજ ખોલવામાં આવેલ હતી. જેમાં કુલ ૪ એજન્સીઓ સામેલ હતી. જેમાંથી ૨ એજન્સીઓ દ્વારા મળેલ બીડને ટેન્ડરની શરત મુજબ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ચકાસણી કરતા જે દસ્તાવેજ ખૂટતા હોઇ તે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, પ્રેઝન્ટેશન કરી સદર ટેન્ડરને લગતી આગળની તમામ આનુષાનગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત ટેન્ડર અંગે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સની ભલામણ મુજબ બહુમતી નિર્ણયથી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૫) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે **Maintenance, up-gradation and development of landscape in campus of GU**ના ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેની ટેકનિકલ બીડ તા:૧૦/૧૦/૨૦૨૨ના રોજ ખોલવામાં આવેલ હતી. જેમાં કુલ ૩ એજન્સીઓ સામેલ હતી. જેમાંથી ૩ એજન્સીઓ દ્વારા મળેલ બીડને ટેન્ડરની શરત મુજબ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ચકાસણી કરતા જે દસ્તાવેજ ખૂટતા હોઇ તે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, પ્રેઝન્ટેશન કરી સદર ટેન્ડરને લગતી આગળની તમામ આનુષાનગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત ટેન્ડર અંગે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સની ભલામણ મુજબ બહુમતી નિર્ણયથી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૬) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે **Maintaining, Cleaning and Sanitation work of Building and Open Spaces Located in Zone A /Zone B of GU** ના ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેની ટેકનિકલ બીડ તા:૧૦/૧૦/૨૦૨૨ના રોજ ખોલવામાં આવેલ હતી. જેમાં કુલ ૭ એજન્સીઓ સામેલ હતી. જેમાંથી ૪ એજન્સીઓ દ્વારા મળેલ બીડને ટેન્ડરની શરત મુજબ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ચકાસણી કરતા જે દસ્તાવેજ ખૂટતા હોઇ તે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, પ્રેઝન્ટેશન કરી સદર ટેન્ડરને લગતી આગળની તમામ આનુષાનગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત ટેન્ડર અંગે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સની ભલામણ મુજબ બહુમતી નિર્ણયથી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૭) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે **All in comprehensive yearly maintenance services work for Air Conditioners and Water Coolers etc** ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તેની ટેકનિકલ બીડ તા:૧૦/૧૦/૨૦૨૨ના રોજ ખોલવામાં આવેલ હતી.જેમાં કુલ ૧ એજન્સી સામેલ હતી. જે એજન્સી દ્વારા મળેલ ટેકનિકલ બીડને ટેન્ડરની શરત મુજબ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા ચકાસણી કરતા જે દસ્તાવેજ ખૂટતા હોઇ તે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, પ્રેઝન્ટેશન કરી સદર ટેન્ડરને લગતી આગળની તમામ આનુષાનગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૭) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત ટેન્ડર અંગે દસ્તાવેજો એજન્સી દ્વારા રજૂ થયેથી, ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સની ભલામણ મુજબ બહુમતી નિર્ણયથી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૮) ગુજરાત યુનિવર્સિટીના **RENOVATION OF OLD GUEST HOUSE AT GUJARAT UNIVERSITY. (T.ID-551649)** ના કામે યુનિવર્સિટી દ્વારા કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા પ્લાન, એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદો તૈયાર કરાવવા તા:૦૮/૦૪/૨૦૨૨ ની બાંધકામ સમિતિમાં થયેલ ઠરાવ અનુસાર, યુનિવર્સિટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ છે. આ કામે કુલ બે (૨) ઈજારદારશ્રી દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ. ટેકનીકલ બીડનો ઈવેલ્યુએસન રીપોર્ટ ઓકટર્સ દ્વારા રજૂ થયા પ્રમાણે બે(૨) એજન્સી પ્રિ-ક્વોલિફાય થયેલ છે. જેની ફાઈનાન્સિયલ બીડ પ્રમાણે ઈજારદારશ્રી **Karan Construction Co.** ના ભાવ સૌથી નીચા **(L1)** એટલે કે આ કામ માટેના અંદાજ રૂ.૧,૮૨,૪૩,૭૩૧/- ની સામે ૪.૫૦% વધારે એટલે કે રકમ રૂ.૧,૯૦,૬૪,૬૯૯/- તમામ ટેક્ષ સહિત આવેલ છે.જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૮) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના **RENOVATION OF OLD GUEST HOUSE AT GUJARAT UNIVERSITY. (T.ID-551649)** ના કામ માટે ફાઈનાન્સિયલ બીડ પ્રમાણે ઈજારદારશ્રી **Karan Construction Co.** ના ભાવ સૌથી નીચા **(L1)** એટલે કે આ

કામ માટેના અંદાજ રૂ.૧,૮૨,૪૩,૭૩૧/- ની સામે ૪.૫૦% વધારે એટલે કે રકમ રૂ.૧,૯૦,૬૪,૬૯૯/- તમામ ટેક્ષ સહિત આવેલ છે, આ ટેન્ડર સ્વીકાર કરવા, ઇજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું, ખર્ચ મંજૂર અને ચૂકવાણું તેમજ સદર ટેન્ડરને લગતી તમામ આનુંષાંગીક કાર્યવાહી કરવાનું રાખવું તથા આ ખર્ચ યુનિવર્સિટીના સ્વ-ભંડોળ ખાતે પાડવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૯) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર આવેલ જુદા જુદા વિભાગમાં સિવિલ, પ્લમ્બિંગ, ફર્નીચર, ઇલેક્ટ્રિક અને ઇન્ટીરીયર વર્ક વગેરે કરી આપવાની વિભાગની રજૂઆતોના પત્રો અત્રેના વિભાગને મળેલ હતા. સદર બાબતે બા.સ. તા.૨૫/૧૦/૨૦૨૧ બા.ક.૨ થી Annual Rate Contract ઈ-ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. અને ઈ.સી.તા.૦૮/૦૯/૨૦૨૨ બા.ક્ર.૯ થી સદર બાબત મંજૂર કરેલ છે. સદર બાબતે Annual Rate Contractમાં મંજુર થયેલ ભાવ મુજબ જુદા જુદા વિભાગના પરિશિષ્ટ મુજબની કામગીરી યુનિવર્સિટી નિયુકત કન્સલ્ટન્ટની દેખરેખ હેઠળ પૂર્ણ થયા બાદ ઈજારદારશ્રી દ્વારા બિલો રજુ કરેલ છે. સદર બીલોનો થયેલ ખર્ચ મંજુર કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૯) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, Annual Rate Contractમાં મંજુર થયેલ ભાવ મુજબ જુદા જુદા વિભાગના પરિશિષ્ટ મુજબની કામગીરી યુનિવર્સિટી નિયુકત કન્સલ્ટન્ટની દેખરેખ હેઠળ પૂર્ણ અને પ્રમાણિત થયા બાદ ઈજારદારશ્રી દ્વારા બિલો રજુ કરેલ હોઇ, સદર બીલો પેટે રકમ રૂ.૬,૨૯,૪૪,૮૯૯/- નો થયેલ ખર્ચ મંજૂર અને ચૂકવાણું કરવા તેમજ તેને લગતી તમામ આનુંષાંગીક કાર્યવાહી કરવાનું રાખવું. "પરિશિષ્ટ આ સાથે સામેલ છે."

બાબત ક્રમાંક: (૧૦) યુનિવર્સિટી કેમ્પસ પર G+9 ની નવી હોસ્ટેલ બનાવવામાં આવેલ છે. સદર હૉસ્ટેલ વિદ્યાર્થીઓને ફાળવવા તેમજ તેના સંચાલન વગેરે માટે બોયઝ હોસ્ટેલના તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ પત્ર મુજબ અંદાજીત ખર્ચની પ્રપોઝલ તૈયાર કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત. "પરિશિષ્ટ" આ સાથે સામેલ છે.

ઠરાવ ક્રમાંક: (૧૦) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદર બાબત આગળની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૧) યુનિવર્સિટી કેમ્પસ પરના હોસ્ટેલ બ્લોક ઘણા જૂના થઈ ગયેલ હોઇ સદર તમામ બ્લોક ને ડિમોલેશ કરીને વિદ્યાર્થીઓની સારી સુવિધાવાળા નવા બ્લોક બનાવવા માટે ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ પાસેથી પ્લાન, એસ્ટીમેટ, ટેન્ડર મુસદો વગેરે તેમજ તેને લગતી તમામ આગળની આનુષાંગીક કાર્યવાહી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદર બાબતે ગુજરાત યુનિવર્સિટીના નવા કન્સલ્ટન્ટની નિમણૂક થયેથી આગળની આનુષાંગીક કાર્યવાહી કરવા જણાવેલ છે.

બાબત ક્રમાંક: (૧૨) યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ ખાતે શ્રી આશીષકુમાર જી.ડામોર સેનેટ હોલના ટેકનીશીયન કમ ઓપરેટર તરીકેની ફરજો હંગામી ધોરણે બજાવે છે. સદર બાબતે તા.૦૮/૦૮/૨૦૨૨ ની મળેલ અરજી દ્વારા તેઓશ્રીના હાલના પગારમાં વધારો

કરી આપવાની રજૂઆત અત્રેના વિભાગને કરેલ છે. સદર પત્ર વંચાણે લઈ જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદર બાબતે એસ્ટેટ વિભાગમાં શ્રી આશીષકુમાર જી.ડામોર સેનેટ હોલના ટેકનીશીયન કમ ઓપરેટર તરીકેની ફરજ બજાવે છે, તેઓશ્રીના હાલના પગારમાં ૧૦,૦૦૦/- નો વધારો તેમજ અન્ય ટેકનીકલ અને હેલ્પર તરીકેની કામગીરી સંભાળતા તમામ હંગામી/કાયમી કર્મચારીઓને પુરસ્કાર પેટે મહેનતાણું આપવાનું રાખવું

બાબત ક્રમાંક: (૧૩) ગુજરાત યુનિવર્સિટી તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ થયેલ એકિઝકયુટિવ કાઉન્સિલ સભાના ઠરાવ ક્રમાંક:૨૮ માં લેવાયેલ નિર્ણય અનુસાર શ્રી જય વાય સોનીને ના.સિવિલ ઇજનેરશ્રી તરીકે તા.૧૪/૧૧/૨૦૨૧ થી અગીયાર (૧૧) માસ માટે નિમણુંક આપવામાં આવેલ હતી. સદરહું બાબતે એસ્ટેટ વિભાગમાં ફરજ બજાવતા શ્રી જય વાય સોની તા. ૧૫/૧૦/૨૦૨૨ ના રોજ અવધિ પૂર્ણ થયેલ છે. સાદર બાબતે હાલ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ પ્રોજેકટસ તેમજ રોજબરોજના સમારકામની દેખરેખ માટે જવાબદારીરૂપ જગ્યા ખાલી હોઇ આગામી તા.૧૬/૧૦/૨૦૨૨ થી અગીયાર (૧૧) માસ માટે હાલના માસિક પગારમાં રૂ.૧૦,૦૦૦નો વધારો કરી હુકમ રીન્યુ કરેલ છે, જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણં કરવામાં આવે છે કે, સદર બાબતે શ્રી જય વાય સોનીને ના.સિવિલ ઇજનેરશ્રી તરીકે તા.૧૬/૧૦/૨૦૨૨ થી અગીયાર (૧૧) માસ માટે નિમણુંક હુકમ રીન્યુ કરવો તેમજ તેઓશ્રીના હાલના માસીક પગારમાં રૂ.૧૫,૦૦૦/- નો વધારો કરવાનું રાખવું.

બાબત ક્રમાંક:(૧૪) યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ ખાતે (૧) શ્રી ચૌધરી સૌરભકુમાર તનુસીંગ, સિવિલ ઇજનેર. (૨) શ્રી ગામીત હિરેનકુમાર દાનસીંગભાઈ, ઇલેકટ્રીક ઇજનેર તરીકે હંગામી ધોરણે નિમણૂક કરવા વિભાગને મળેલ અરજીઓ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદર બાબતે માં.કુલસચિવશ્રી સમક્ષ મૌખિક ઇન્ટરવ્યું અંગે રૂબરૂ મુલાકાત કરાવવી અને ત્યાર બાદ હંગામી નિમણૂક અને મહેનતાણા પેટે માસીક ૩૦,૦૦૦/- કરવા અંગેની આગળની તમામ અનુષાંગીક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક:(૧૫) યુનિવર્સિટી કેમ્પસ પર કન્સ્ટ્રક્શન ઓફ એડવાન્સ બિઝનેશ સ્ટડી બિલ્ડિંગના બાંધકામ અંગે મે.જે. પી. સ્ટ્રકચર્સ પ્રા. લિ.ના તા.૧૨/૧૨/૨૦૨૨ના પત્રથી ડ્રોઈંગ ડિટેલ્સ તેમજ કોરોના મહામારી બાદ વૈશ્વિક તેજીના લીધે બંધકામને લગતી તમામ માલસામગ્રીના ભાવોમાં ૪૦% જેટલો ભાવવધારો થયેલ છે. જેથી તેઓએ નવા ભાવોથી કામ કરવા વિનંતિ કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત કામ માટે રી-ટેન્ડરની પ્રક્રીયા કરવી અને તેને લગતી આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક:(૧૬) અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સાથે ગુજરાત યુનિવર્સિટીના હોસ્ટેલ બ્લોક એ અને બ્લોક બી તેમજ ભોજનાલય વગેરે બંધકામોના સ્થળફેર સહિત નવીન બાંધકામોના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં અગાઉ નક્કી થયેલ કમિટી સમક્ષ સદર બાબત રજૂ કરવી.

સભાનું કામકાજ પૂર્ણ થતા કુલસચિવશ્રીએ સૌનો આભારમાની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

કુલસચિવ

Hon VC madam